પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૯૪ | ૧૩ જુન, ૨૦૨૩, મંગળવાર; જેઠ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# કચ્છ-સૌરાષ્ટ્રના બંદરો પર ખતરાના સિગ્નલ

**ગુજરાતમાં યેલો એલર્ટ જાહેર : બિપોરજોય વાવાઝોડાની વધી રહેલી અસરને જોતાં દક્ષિણ ગુજરાતના તમામ બંદરો પર ૩ નંબરનું સિગ્નલ લગાવાયું : ગુજરાતના અનેક જિલ્લામાં મેઘરાજાની એન્ટ્રી : ગીર સોમનાથ, દ્વારકા, જામનગર સહિતના જિલ્લાઓમાં ભારે પવન સાથે વરસાદ : દરિયામાં પણ કરંટ સાથે ઊંચા મોજા ઉછળી રહ્યા છે**







ગાંધીનગર, તા.૧૨

અરબી સમુદ્રમાં સર્જાયેલું બિપોરજોય વાવાઝોડું વધુને વધુ વિકરાળ રૂપ લઈ રહ્યું છે. બિપોરજોય વાવાઝોડું ગુજરાત માટે આફતરૂપ બને તેવી શક્યતા સર્જાઈ છે. આ વાવાઝોડું પોરબંદરથી ૩૨૦ કિમી દૂર પહોંચી ગયું છે. તે ૧૫ જૂને કચ્છના માંડવી અને પાકિસ્તાનના કરાચી વચ્ચે ટકરાઈ શકે તેમ હોઈ હાલમાં પોરબંદર, દ્વારકા, જામનગક, ઓખા, સલાયા, મુંદ્રા, માંડવી અને જખૌ પોર્ટ પર ભય સૂચક સિગ્નલ લગાવવામાં આવ્યા છે. તો રાજયના કેટલાક વિસ્તારોના વાતાવરણમાં પલટો આવ્યો છે.

ગુજરાતના ગીર સોમનાથ, પોરબંદર, દ્વારકા અને જામનગરમાં વરસાદ શરૂ થયો છે. ગીર સોમનાથમાં બિપોરજોય વાવાઝોડાની અસર જોવા મળી રહી છે. ગીર સોમનાથ જિલ્લામાં ધીમી ધારે વરસાદ શરુ થયો છે. વેરાવળ, સોમનાથ, સુત્રાપાડા, તાલાલા, કોડીનાર, ગીર ગઢડામાં વરસાદ શરૂ થયો છે. દરિયામાં પણ કરંટ સાથે ઊંચા મોજા ઉછળી રહ્યા છે. બિપરજોય વાવાઝોડાના કારણે વરસાદથી ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે. ગીરમાં ખેડૂતોએ મગફળીના વાવેતર માટે

● અનુસંધાન પાન-૭ પર

# કચ્છ-સૌરાષ્ટ્ર જતી ૨૭૩ ટ્રેન રદ, કચ્છ, જામનગર, દ્વારકામાં રેડ એલર્ટ

**તિથલ બીચ ખાલી કરવામાં આવ્યો :વાવાઝોડા બિપરજોયના ખતરાને લઈને સરકારી તંત્ર એક્શન મોડમાં : કચ્છ, જામનગર અને દ્વારકા જિલ્લામાં રેડ એલર્ટ, દ્વારકાના દરિયામાંથી કોસ્ટગાર્ડે ૧૧ લોકોને એરલિફ્ટ કર્યા, રાજ્યના ૪૪ તાલુકાઓમાં વરસાદ**

ગાંધીનગર, તા.૧૨


બિપરજોય વાવાઝોડાની



અસરને લઈ વહીવટીતંત્રએ મહત્વનો નિર્ણય લીધો છે. આજ રાતે ૧૨ વાગ્યાથી કચ્છમાં રેલ વ્યહવાર બંધ કરવામાં આવ્યો છે. આજ રાતે ૧૨ વાગ્યાથી આગામી ૧૫ તારીખ સુધી કચ્છમાં રેલ વ્યહવાર બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.કચ્છ અને સૌરાષ્ટ્ર જતી આવતી ૨૭૩ ટ્રેનો રદ, રેલવેએ વાવાઝોડાના કારણે સલામતીના પગલે નિર્ણય લેવામાં આવ્યો. દ્વારકાના દરિયામાંથી કોસ્ટગાર્ડે ૧૧ લોકોને એરલિફ્ટ કર્યા છે. દરિયામાં ભારે કરંટ હોવાથી આ તમામ લોકો ફસાયા હતા. હેલિકોપ્ટરની મદદથી રેસ્ક્યૂ હાથ ધર્યુ હતું. બિપોરજોય વાવાઝોડાની અસરને લઈ રાજ્યમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. બપોરે ૨થી સાંજના ૪ વાગ્યા સુધી રાજયના ૪૪ તાલુકાઓમાં વરસાદ, ગીર સોમનાથના વેરાવળ અને સુત્રાપાડા તાલુકામા બે કલાકમા બે ઈંચથી વધુ વરસાદ થયો છે. પ્રભારી મંત્રી રાઘવજી પટેલ અને રાજકોટના કલેક્ટર પ્રભવ જોશીએ અધિકારીઓ સાથે બેઠક બાદ શાળા કૉલેજો બે દિવસ સુધી બંધ રાખવાનો નિર્ણય લીધો છે. આગામી તારીખ ૧૪ અને ૧૫ જૂનનાં રોજ જિલ્લાની શાળા કૉલેજોમાં રજા રહેશે. કાચા મકાનોમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસેડવા સહિતની કામગીરી શરૂ કરાઈ છે. રાજકોટ જિલ્લામાં ૧૩૬ નીચાણવાળા સ્થળોએથી લોકોને ખસેડવા કામગીરી શરૂ કરવામાં આવી છે. રાજકોટ જિલ્લામાં પણ શરુ થઈ વાવાઝોડાની અસર ગોંડલ શહેર તેમજ પંથકના વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. વાદળછાંયા વાતાવરણ વચ્ચે ઝરમર વરસાદ વરસ્યો છે. ભારે પવન સાથે ઝરમર વરસાદ શરૂ થયો છે. હવે વાવાઝોડું પોરબંદરથી ૩૧૦ કિમી દૂર છે. વાવાઝોડું ઉત્તર દિશામાં આગળ વધી રહ્યું છે. ૧૫ જૂન બપોર સુધીમાં જખૌ બંદર નજીક ટકરાઈ શકે તેવી શક્યતા છે. આ વાવાઝોડું ૬૮૦ કિમીમાં ફેલાયેલું છે જેના કારણે તેના વમળો ગુજરાત સાથે અથડાઈ રહ્યા છે. વલસાડ જિલ્લાના તિથલ બીચ સહિતના વિસ્તારોમાં પવનની ગતિ વધી રહી છે. આ કારણે લારી સંચાલકોને કોઈ નુકસાની ન થાય તેની તકેદારીના ભાગ રૂપે તિથલ બીચને ખાલી કરવામાં આવ્યો છે.

# મુંબઈમાં ધોધમાર વરસાદ એરપોર્ટ પર રનવે બંધ કરાયા

**બિપોરજોય વાવાઝોડાએ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યું : મુંબઈના દરિયાકિનારે મરીન ડ્રાઈવ ,ગેટવે ઓફ ઈન્ડિયા પાસે દરિયામાં મોજા ઉછળતાં દેખાઈ રહ્યાં છે**



મુંબઈ, તા.૧૨

બિપોરજોય વાવાઝોડાએ તેનું રોદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે જેની અસર મુખ્યત્વે મહારાષ્ટ્ર અને ગુજરાતમાં જોવા મળી શકે છે. આ કારણે અત્યારથી જ મહારાષ્ટ્રનાં મુંબઈના દરિયાકિનારે ઊંચા મોજાઓ ઉછળતા દેખાઈ રહ્યા છે અને ધોધમાર વરસાદ પણ આવી રહ્યો છે. મરીન ડ્રાઈવ ,ગેટવે ઓફ ઈન્ડિયા પાસે દરિયામાં મોજા

● અનુસંધાન પાન-૭ પર

# રૂપેણ બંદર નજીક રહેતા ૨૫૦૦ લોકોનું સ્થળાંતર

**વાવાઝોડાને પગલે દ્વારકાનું તંત્ર એક્શન મોડમાં**

અમદાવાદ, તા.૧૨

બિપરજોય વાવાઝોડાને પગલે દ્વારકાનું તંત્ર એક્શન મોડમાં છે. દ્વારકાના રૂપેણ બંદર નજીક નીચાણવાળા વિસ્તારોમાંથી ૨૫૦૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યુ છે. ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા લોકોને બસ દ્વારા સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. વાવાઝોડાની તીવ્રતાને જોતા કોઈ જાનહાનિ ન થાય તે માટેના તકેદારીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. લોકોને દરિયા કાંઠે ન જવા પણ સૂચિત કરવામાં આવ્યા છે. દરિયાકાંઠે સાઈનબોર્ડ પણ લગાવી દેવામાં આવ્યા છે જેમા લોકોને કાંઠા વિસ્તાર તરફ ન આવવા માટે અપીલ કરાઈ છે.

સાગર કાંઠા વિસ્તારોમાં કલમ ૧૪૪ લગાવી દેવામાં આવી છે. સમુદ્રમાંથી ઉઠતા મોજાના દશ્યો ટીવી સ્ક્રીન પર જેટલા નયનરમ્ય લાગે છે જમીન પર એ એટલા જ વિનાશક સાબિત થતા હોય છે. આ સાથે દરિયામાં ભરતી ઉઠવાથી મોજાનો ઘુઘવતો અવાજ પણ વાવાઝોડાનો તાગ મેળવવા માટે પુરતો છે.

અરબ સાગરમાં આ વર્ષે ઉઠેલુ પ્રથમ વાવાઝોડુ બિપરજોય અત્યંત વિનાશક તોફાનમાં પરિવર્તિત થઈ ગયુ છે. ૧૫ જૂન સુધી ગુજરાતના કચ્છ અને પાકિસ્તાનના કરાંચી વચ્ચે ટકરાવાની આશંકા છે. આ દરમિયાન ૧૨૫થી ૧૩૫ કિલોમીટર પ્રતિ કલાકની સ્પીડે પવન ફુંકાવાની સંભાવના છે. હવામાન વિભાગે રવિવારે સૌરાષ્ટ્ર અને કચ્છ માટે યલો એલર્ટ જારી કર્યુ છે.

# ચક્રવાત ‘બિપરજોય’ અંગે તૈયારીઓની સમીક્ષા પ્રધાનમંત્રી દ્વારા કરાઈ

**સંવેદનશીલ સ્થળોએ રહેતા લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે દરેક સંભવિત પગલાં લો : પ્રધાનમંત્રી**

નવી દિલ્હી, તા.૧૨

પ્રધાનમંત્રી, શ્રી નરેન્દ્ર મોદીએ આજે તોળાઈ રહેલા



ચક્રવાત ‘બિપરજોય’ને કારણે ઊભી થયેલી પરિસ્થિતિને પહોંચી વળવા કેન્દ્ર તેમજ ગુજરાતના મંત્રાલયો/એજન્સીઓની તૈયારીઓની સમીક્ષા કરવા માટે એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી.

પ્રધાનમંત્રીએ વરિષ્ઠ અધિકારીઓને રાજ્ય સરકાર દ્વારા સંવેદનશીલ સ્થળોએ રહેતા લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવા અને તમામ આવશ્યક સેવાઓ જેવી કે પાવર, ટેલિકોમ્યુનિકેશન, આરોગ્ય, પીવાનું પાણી વગેરેની જાળવણી સુનિશ્ચિત કરવા અને તેમને થયેલા નુકસાનની તાત્કાલિક પુનઃસ્થાપિત કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે દરેક સંભવિત પગલાં લેવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે એ પણ નિર્દેશ આપ્યો કે પ્રાણીઓની સુરક્ષા પણ સુનિશ્ચિત કરવી જોઈએ. તેમણે વધુમાં કંટ્રોલ રૂમની ૨૪x૭ કામગીરી માટે નિર્દેશ આપ્યો હતો.

પ્રધાનમંત્રીને ચક્રવાતનો સામનો કરવા માટે ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં વિશે પણ માહિતી આપવામાં આવી હતી. મુખ્યમંત્રીના સ્તરે જિલ્લા વહીવટીતંત્ર સાથે સમીક્ષા બેઠકો યોજવામાં આવી છે અને રાજ્યનું સમગ્ર વહીવટી તંત્ર કોઈપણ આકસ્મિક પરિસ્થિતિને પહોંચી વળવા સજ્જ છે. ઉપરાંત, કેબિનેટ સચિવ અને ગૃહ સચિવ ગુજરાતના મુખ્ય સચિવ અને સંબંધિત કેન્દ્રીય મંત્રાલયો/એજન્સીઓના સતત સંપર્કમાં છે.

# કેન્દ્રીય મંત્રીઓને સોંપાઈ પ્રભાવિત જીલ્લાઓની સમીક્ષાની જવાબદારી

ગાંધીનગર, તા.૧૨

બિપોરજોય વાવાઝોડું આગાહીનાં પગલે દરિયા કિનારાનાં વિસ્તારોમાં વરસાદી માહોલ છવાયો છે. ત્યારે બિપોરઝોડ વાવાઝોડું પોરબંદરથી ૩૨૦ કિમી દૂર છે. અને ૧૫ જૂને કચ્છનાં માંડવી અને પાકિસ્તાનનાં કરાંચી વચ્ચે ટકરાઈ શકે છે. ત્યારે બિપોરજોય વાવાઝોડાને પગલે ગુજરાતનાં ચાર કેન્દ્રીય મંત્રીઓ મનસુખ માંડવિયા, પુરૂષોત્તમ રૂપાલા, દર્શનાં જરદોષ તેમજ મહેન્દ્ર મુંજપરાને પ્રભાવિત જીલ્લાઓની સમીક્ષા કરવાની કામગીરી સોંપવામાં આવી છે.

ગત રોજ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજયના દરિયાઈ વિસ્તારના જિલ્લાઓમાં સંભવિત બિપોરજોય વાવાઝોડાની અસર સામે જિલ્લા તંત્રએ કરેલા આગોતરા આયોજન અને આપત્તિ વ્યવસ્થાપન કામોમાં માર્ગદર્શન માટે રાજય મંત્રી મંડળના વરિષ્ઠ મંત્રીઓને જિલ્લાઓની જવાબદારી સોંપવામાં આવી છે.

ઝાયડસ કેન્સર સેન્ટર, અમદાવાદ દ્વારા આયોજિત ગાંધીનગરમાં ‘‘કેમ્પ’’

zydus Hospitals Cancer Centre

ડૉ. નિધિ જૈન
MD, DM
(હિમેટોલૉજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત)

ઉપલબ્ધ સારવાર
- લોહીનું કેન્સર ● જન્મજાત લોહીની બિમારી
- એપ્લાસ્ટીક એનેમીયા ● મલ્ટીપલ માયલોમા
- હીમોફીલીયા, લ્યુકેમીયા, સીકલ સેલ ડિસીઝ, થેલેસેમીયા વગેરે
- લોહીમાં વારંવાર ચેપ લાગવો
- બ્લીડીંગ ડિસઓર્ડર

કેમ્પ વિશે માહિતી
17-06-2023 (શનિવાર)
10.00 થી 12.00 કલાકે
તેજસ સર્જિકલ હૉસ્પિટલ, પથિકા બસ સ્ટેશન સામે, સેક્ટર 7C, પ્લોટ નં. 951/1, ગાંધીનગર

નોંધણી માટે સંપર્ક
પાર્થ જોષી - 96010 78421

રજીસ્ટ્રેશન કિંમત માત્ર રૂા. 100/-
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.

*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.